શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?
ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ-બંધ કરે છે.
અમર ઈલેક્ટ્રોનીક કન્ટ્રોલ્સ
૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગરપાલિકા સામે, મુગલીસરા,સુરત.
ફોન : 2429322 મો : 9824059872

# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets | ISC | durashine | TATA SHAKTEE
ALEVATE PERFORMANCE AT ITS PEAK Aluminium Roofing Sheets
- Aluminium - Colour Coated, Corrugated Roofing Sheets
- Galvanised Plain Sheet - MS - CRC sheets
- Asian - Apollo - Tata Square Pipe & Round Pipe
- 60 & 80 Micron GI HOTDIP Pipe For Solar Roof Top
- Poly Carbonate, PVC Sheets & Roofing Accessories

STEEL TRADING COMPANY
MUGATLAL GROUP
Near Krishna Petrolpump, Udhna Main Road, Surat.
Mobile : 7575882332, 7575053830
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ વૈશાખ વદ તેરસ શુક્રવાર ૧૫ મે, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૭૨

પાનાં ૧૪ કિંમત ₹ ૫.૦૦

# હોર્મુઝ ખોલવા અમેરિકાને મદદની ચીનની ઓફર

**જો કે** આ મદદના બદલામાં ચીન રાહતો ઈચ્છે છે

**ઈરાન** અને વ્યાપારના મુદ્દાઓ પર ચર્ચા થઇ, જિનપિંગે કહ્યું ટ્રેડ વોરમાં કોઈ જીતતું નથી, આપણે હરીફ નહીં-ભાગીદાર બનીએ મંત્રણા દરમ્યાન જિનપિંગે ટ્રમ્પને તાઇવાન અંગે ચેતવણી આપી

**હોર્મુઝનો** માર્ગ ખુલ્લા રાખવા અંગે બંને નેતાઓમાં સહમતિ

**આર્થિક** સહયોગ વધારવાના માર્ગો ચર્ચાયા

**જિનપિંગને** ૨૪ સપ્ટેમ્બરે વ્હાઇટ હાઉસ આવવા ટ્રમ્પનું આમંત્રણ

બેઈજિંગ, તા. ૧૪(પીટીઆઈ): ડોનાલ્ડ ટ્રમ્પે ફોક્સ ન્યૂઝને આપેલા ઈન્ટરવ્યુમાં એક ચોંકાવનારો ખુલાસો કર્યો છે. તેમણે જણાવ્યું કે ચીની રાષ્ટ્રપતિ શી જિનપિંગે પર્સિયન ગલ્ફમાં ઈરાન દ્વારા કરવામાં આવેલી હોર્મુઝની સામુદ્રધુનીની નાકાબંધી દૂર કરવામાં અમેરિકાને મદદ કરવાની ઓફર કરી છે. ચીન ઈરાન પાસેથી મોટા પ્રમાણમાં તેલ ખરીદે છે, તેથી જિનપિંગ આ વ્યૂહાત્મક દરિયાઈ માર્ગને ખુલ્લો રાખવા ઈચ્છે છે. ટ્રમ્પે દાવો કર્યો છે કે હોર્મુઝની સામુદ્રધુની (Strait of Hormuz) ફરીથી ખુલે

...અનુસંધાન પાના 13 પર



## જિનપિંગે ટ્રમ્પની જ સ્ટાઈલમાં કહ્યું- 'મેક અમેરિકા ગ્રેટ'

ઈરાન સાથેની ગંભીર ચર્ચાઓ બાદ બંને નેતાઓ ખૂબ જ ખુશમિજાજમાં જોવા મળ્યા હતા. ૭,૦૦૦ માઈલની મુસાફરી કરીને આવેલા અમેરિકી પ્રતિનિધિમંડળ માટે ચીને પરંપરાગત સંગીત અને ભવ્ય સમારંભનું આયોજન કર્યું હતું. ટ્રમ્પે પણ આ ઉષ્માભર્યા સ્વાગત બદલ જિનપિંગનો આભાર માન્યો અને તેમને સપ્ટેમ્બર મહિનામાં વોશિંગ્ટન આવવાનું આમંત્રણ આપ્યું. જિનપિંગે પોતાના ભાષણમાં બંને દેશો વચ્ચે 'વ્યૂહાત્મક સભ્યતા'ના નવા

...અનુસંધાન પાના 13 પર

## ટ્રમ્પની સિક્રેટ સર્વિસ અને ચીની સુરક્ષાકર્મીઓ વચ્ચે તીખી તકરાર

રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને શી જિનપિંગ જ્યારે બંને દેશો વચ્ચેના સંબંધો સુધારવા માટે બેઠકો કરી રહ્યા હતા, ત્યારે બીજી તરફ બંને દેશોની સુરક્ષા ટીમો વચ્ચે પ્રોટોકોલ અને ભાષાના અવરોધને કારણે ઘણી વખત વિવાદ થયો હતો. ગ્રેટ હોલ ઓફ ધ પીપલ ખાતે સ્વાગત સમારોહ અને બંધ બારણે મળેલી દ્વિપક્ષીય બેઠકો બાદ સુરક્ષા વ્યવસ્થાને લઈને ગરમાગરમી જોવા મળી હતી. સૌથી મોટો વિવાદ ત્યારે સર્જાયો જ્યારે અમેરિકી પ્રેસ અને

...અનુસંધાન પાના 13 પર

## અમેરિકા-ચીનના સંબંધો સમજાવવા ટ્રમ્પે ઇતિહાસનો આશરો લીધો

**બેઇજિંગ, તા. ૧૪(એપી):** ચીની નેતા ઝી જિનપિંગ સાથેના સત્તાવાર ભોજન સમારંભ દરમિયાન આપેલા પ્રસ્તાવિત વક્તવ્યમાં અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે, યુનાઇટેડ સ્ટેટ્સ અને ચીનના નાગરિકો લાંબા સમયથી પરસ્પર સન્માનની ઊંડી ભાવના ધરાવે છે અને આ મુદ્દાને સમજાવવા માટે તેમણે ઇતિહાસનો સહારો લીધો હતો. ટ્રમ્પે કહ્યું કે, બેન્જામિન ફ્રેન્કલિને ફિલોસોફર કન્ફ્યુશિયસના સુવિચારો પ્રકાશિત કર્યા હતા. તેમણે વધુમાં જણાવ્યું કે, રાષ્ટ્રપતિ જ્યોર્જ વોશિંગ્ટનના ચીની પ્રશંસકોએ તેમની સ્મૃતિમાં વોશિંગ્ટન

...અનુસંધાન પાના 13 પર

## યુપીમાં વાવાઝોડા, વરસાદથી મૃત્યુઆંક ૧૧૧



**અનેક** જિલ્લાઓમાં બુધવારે સાંજે આવેલા તોફાનમાં ૭૨ને ઇજા, સૌથી વધુ ૨૧નાં મોત પ્રયાગરાજમાં

**વ્યાપક** નુકસાનઃ ૨૨૭ મકાનો ક્ષતિગ્રસ્ત, થાંભલા અને વૃક્ષો ઉખડી ગયા , ૧૭૦ પશુઓનાં મોત

લખનૌ, તા. ૧૪: ઉત્તર પ્રદેશના અનેક જિલ્લાઓમાં બુધવારે અચાનક આવેલા તીવ્ર વાવાઝોડા અને ભારે વરસાદને કારણે ઓછામાં ઓછા ૧૧૧ લોકોનાં મોત થયા છે તથા અન્ય ૭૨ને ઈજા થઈ છે. રાહત કમિશનરની કચેરીના જણાવ્યા અનુસાર, આ કુદરતી આફતમાં

...અનુસંધાન પાના 13 પર

### યુપીના વાવાઝોડામાં જાનહાનિ પર પુતિને શોક વ્યક્ત કર્યો

**મોસ્કો, તા. ૧૪ (પીટીઆઈ)** રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને ગુરુવારે ભારતના ઉત્તર પ્રદેશમાં આવેલા વાવાઝોડાને કારણે થયેલી ભારે જાનહાનિ અને નુકસાન અંગે દુઃખ વ્યક્ત કર્યું હતું. બુધવારે ઉત્તર પ્રદેશના કેટલાક જિલ્લાઓમાં ત્રાટકેલા જોરદાર વાવાઝોડા અને ભારે વરસાદને કારણે વૃક્ષો ધરાશાયી થતાં અને મકાનોને નુકસાન પહોંચતાં ઓછામાં ઓછા ૮૯ લોકોનાં મોત થયાં હતાં. ક્રેમલિને એક નિવેદનમાં જણાવ્યું હતું કે, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીને મોકલેલા સંદેશામાં પુતિને કુદરતી આપત્તિમાં માર્યા ગયેલા લોકોના

...અનુસંધાન પાના 13 પર



## બરેલીમાં પવનના તોફાનમાં એક શખ્સ પતરા સાથે હવામાં ૫૦ ફૂટ ઉછળ્યો

**આ ઘટનાનો** વીડિયો પણ વાયરલ થયો, લોકો તેને એઆઇથી બનાવેલો વીડિયો સમજી બેઠા

**શખ્સને** અનેક ઇજાઓ, હાથ-પગમાં ફ્રેક્ચર

**બરેલી, તા. ૧૪(પીટીઆઈ):** એક ચોંકાવનારી ઘટનામાં, ઉત્તર પ્રદેશના બરેલી જિલ્લામાં આવેલા શક્તિશાળી તોફાન દરમિયાન એક વ્યક્તિ પતરાની છત સાથે હવામાં લગભગ ૫૦ ફૂટ ઊંચે ફંગોળાયો હતો અને ખેતરમાં જઈ પડ્યો હતો. આ પ્રતિકૂળ હવામાનને કારણે જિલ્લામાં ઓછામાં ઓછા ચાર લોકોના મોત થયા છે.

વીડિયોમાં દેખાતો વ્યક્તિ બામિયાણા ગામનો નન્હે મિયાં છે, જે બુધવારે બનેલી આ ઘટનામાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા આ ઘટનાના વીડિયોમાં જોઈ શકાય છે કે, પતરાની છત પકડી રાખવા દરમિયાન તે વ્યક્તિ હવામાં ફંગોળાય છે. ત્યારબાદ તે પકડ છોડી દે છે, હવામાં પલટી ખાય છે અને બાજુના ખેતરમાં પટકાય છે.

શરૂઆતમાં, કેટલાક સોશિયલ મીડિયા યુઝર્સે આ વીડિયો પર અવિશ્વાસ વ્યક્ત કર્યો હતો અને શંકા વ્યક્ત કરી હતી કે તે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) દ્વારા બનાવવામાં આવ્યો છે. પરંતુ ઈ-રિક્ષા ચાલક નન્હે માટે આ અનુભવ તદ્દન વાસ્તવિક છે. આશરે ૫૦ વર્ષીય નન્હેએ જણાવ્યું કે જ્યારે તોફાન તેજ બન્યું ત્યારે તે એક વેડિંગ હોલમાં કેટલીક વસ્તુઓ લેવા ગયો હતો. તેણે કહ્યું, પવન એટલો જોરદાર હતો કે પતરાનો શેડ જોરજોરથી અવાજ કરવા લાગ્યો હતો. મને લાગ્યું કે જો હું તેને નહીં પકડું તો તે તોફાનમાં ઉડી જશે, તેથી મેં તરત જ શેડ સાથે બાંધેલું દોરડું

...અનુસંધાન પાના 13 પર

## દિલ્હી ડાયરી

### પંજાબમાં સત્તાનો બદલાતો પ્રવાહ

પંજાબમાં ભગવંત માનના નેતૃત્વવાળી આમ આદમી પાર્ટી (આપ) સરકાર પર તેના વિરોધીઓ દ્વારા એવો આક્ષેપ કરવામાં આવી રહ્યો છે કે તે પોતાના રાજકીય પ્રતિસ્પર્ધીઓ અને પ્રિન્ટ તેમજ ઇલેક્ટ્રોનિક મીડિયાને નિશાન બનાવવા માટે રાજ્યની પોલીસનો દુરુપયોગ કરી રહી છે.

આ વ્યૂહરચના, જે કેન્દ્ર સરકાર દ્વારા તપાસ એજન્સીઓના કથિત દુરુપયોગની યાદ અપાવે છે, તેના વિશે એવું કહેવાય છે કે આ ટ્રેન્ડ પક્ષના ભૂતપૂર્વ સાંસદ સંદીપ પાઠક દ્વારા શરૂ કરવામાં આવ્યો હતો, જેઓ તાજેતરમાં જ 'આપ' છોડીને ભાજપમાં જોડાયા છે. તાજેતરમાં જ, પાઠક સામે બિનજામીનપાત્ર કલમો હેઠળ બે એફઆઈઆર નોંધાયા બાદ દિલ્હીમાં તેમના સત્તાવાર નિવાસે પંજાબ પોલીસની ટીમ તપાસ માટે પહોંચે તે પહેલાં જ તેઓ નાટ્યાત્મક રીતે ત્યાંથી નાસી છૂટ્યા હતા.

ટીવી ન્યૂઝ ચેનલોના ફૂ દ્વારા તેમને ઇન્ડિયા ગેટ નજીક આવેલા પંડારા પાર્ક સ્થિત તેમના ઘરની પાછળની ગલીમાંથી એક એસયુવી કારમાં ભાગતા જોવામાં આવ્યા હતા. ત્યાંથી નીકળતાં પહેલાં,

...અનુસંધાન પાના 13 પર

તા. ૧૪-૦૫-૨૦૨૬નું સુરત શહેરનું **હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૯.૪° સે. | ૨૮.૦° સે. | ૫૬% |

## ભારતે ખાંડની નિકાસ પર 30 સપ્ટેમ્બર સુધી પ્રતિબંધ મૂક્યો

**ઘરઆંગણે** ભાવોને નિયંત્રણમાં રાખવા લેવાયેલું પગલું

**આ** આદેશ ઇયુ અને અમેરિકામાં CXL અને ટેરિફ રેટ ક્વોટા (TRQ) વ્યવસ્થા હેઠળ નિકાસ કરવામાં આવતી ખાંડને લાગુ પડશે નહીં

**જે ખાંડ** અગાઉથી જ નિકાસની પ્રક્રિયામાં છે તેને પણ આ પ્રતિબંધ લાગુ નહીં પડે

નવી દિલ્હી, તા. 14(PTI): ભારતે ખાંડની સ્થાનિક ઉપલબ્ધતા વધારવા અને ભાવને નિયંત્રણમાં રાખવા માટે આ વર્ષે 30 સપ્ટેમ્બર સુધી તાત્કાલિક અસરથી ખાંડની નિકાસ પર પ્રતિબંધ મૂક્યો છે. અગાઉ નિકાસ 'નિયંત્રિત' શ્રેણી હેઠળ હતી, જે અંતર્ગત નિકાસ માટે લાયસન્સની જરૂર પડતી હતી.

ડિરેક્ટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડ (DGFT) એ 13 મેના રોજ જારી કરેલી એક સૂચનામાં જણાવ્યું છે કે, ખાંડ (કાચી ખાંડ, સફેદ ખાંડ અને શુદ્ધ ખાંડ)ની નિકાસ નીતિ 'નિયંત્રિત' થી બદલીને 'નિષેધ' કરવામાં આવી છે, જે 30 સપ્ટેમ્બર, 2026 સુધી અથવા આગામી આદેશો સુધી, જે વહેલું હોય ત્યાં સુધી તાત્કાલિક અસરથી અમલમાં રહેશે. જો કે, આ આદેશ યુરોપિયન યુનિયન અને યુએસને અનુક્રમે CXL અને ટેરિફ રેટ ક્વોટા (TRQ) વ્યવસ્થા હેઠળ નિકાસ કરવામાં આવતી ખાંડને લાગુ પડશે નહીં. આ વ્યવસ્થા નિકાસકારોને નિર્ધારિત માત્રામાં ખાંડ ખૂબ જ ઓછી અથવા શૂન્ય કસ્ટમ ડ્યુટી પર મોકલવાની મંજૂરી આપે છે. DGFT નો આ આદેશ એડવાન્સ ઓથોરાઈઝેશન સ્કીમ હેઠળના શિપમેન્ટ, સરકાર-થી-સરકાર વચ્ચેની નિકાસ અને જે માલ પહેલેથી જ નિકાસની પ્રક્રિયામાં છે તેમને પણ લાગુ પડશે નહીં.

2025-26 ના ખાંડ માર્કેટિંગ વર્ષ (ઓક્ટોબર થી સપ્ટેમ્બર) માટે ખાદ્ય મંત્રાલયે શરૂઆતમાં 15 લાખ ટન નિકાસની મંજૂરી આપી હતી, ત્યારબાદ વધુ 5,00,000 ટનનો પૂલ ખોલ્યો હતો, જેમાંથી માત્ર 87,587 ટન મંજૂર કરવામાં આવ્યા હતા. આમ, લગભગ 16 લાખ ટન ખાંડની

...અનુસંધાન પાના 13 પર

## ચૂંટણી પંચ સ્વતંત્ર હોય તે ખૂબ જરૂરી છે: સુપ્રીમ કોર્ટ

**ચૂંટણી** કમિશનરોની નિમણૂક અંગેના નવા કાયદાને પડકારતી અરજીઓ પર અંતિમ સુનાવણી

**સુપ્રીમ** કોર્ટે કહ્યું કે મુક્ત અને વાજબી ચૂંટણી બંધારણના પાયાનો એક ભાગ છે તેથી ચૂંટણી પંચ મુક્ત હોવું આવશ્યક

નવી દિલ્હી, તા. 14: સુપ્રીમ કોર્ટે ગુરુવારે જણાવ્યું હતું કે મુક્ત અને નિષ્પક્ષ ચૂંટણીઓ બંધારણના મૂળભૂત માળખાનો એક ભાગ છે, અને જ્યાં સુધી ચૂંટણી પંચ સ્વતંત્ર ન હોય અને તે સ્વતંત્ર હોવાનું જણાય પણ નહીં, ત્યાં સુધી આ સુનિશ્ચિત કરી શકાય નહીં. જસ્ટિસ દીપાંકર

...અનુસંધાન પાના 13 પર

### નિર્ણય સરકાર જ લેવાની હોય તો સમિતિમાં વિપક્ષના નેતાનું કામ શું છે?: સુપ્રીમનો સોંસરો સવાલ

**નવી દિલ્હી, તા. ૧૪:** સુપ્રીમ કોર્ટે ગુરુવારે કહ્યું હતું કે સીબીઆઇ (CBI) ડિરેક્ટરની પસંદગી કરતી પસંદગી સમિતિમાં ભારતના મુખ્ય ન્યાયાધીશ (CJI) સામેલ હોય છે, પરંતુ જ્યારે મુખ્ય ચૂંટણી અધિકારીની પસંદગી કરવાની હોય ત્યારે તેઓ પેનલમાં હોતા નથી. મને આશ્ચર્ય થતું હતું. સીબીઆઈ ડિરેક્ટર માટે સીજેઆઈ (CJI) ત્યાં છે. આપણે કહી શકીએ કે તે કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે છે. અથવા તમે તેને કાયદાના શાસન સુધી પણ ખેંચી શકો છો. પરંતુ લોકશાહી જાળવવા માટે કેમ નહીં? શુદ્ધ ચૂંટણીઓ સુનિશ્ચિત કરવા માટે કેમ નહીં? સુનાવણી દરમિયાન જસ્ટિસ દીપાંકર દત્તાએ અવલોકન કર્યું હતું. અમે એમ નથી કહેતા કે ત્યાં સીજેઆઈ હોવા જોઈએ. પરંતુ ત્યાં કોઈ સ્વતંત્ર સભ્ય કેમ ન હોવો જોઈએ? તે મંત્રાલયમાંથી જ કેમ હોવા જોઈએ? ચાલો આપણે બહુ સ્પષ્ટ થઈએ. આજે વડાપ્રધાન એકની પસંદગી કરે છે. અને વિરોધ પક્ષના નેતા (LoP) બીજાની પસંદગી કરે છે. જો અસંમતિ હોય, તો શું ત્રીજો સભ્ય વિરોધ પક્ષના નેતા તરફ જશે? એમ ન્યાયાધીશે પૂછ્યું. આ પ્રશ્નનો જવાબ આપતા એટર્ની જનરલ આર. વેંકટરામણીએ કહ્યું કે તેઓ કોઈ અટકળ કરવા માંગતા નથી. "તો પછી કારોબારી જ બધું નિયંત્રિત કરી રહી છે," જસ્ટિસ દત્તાએ વળતો પ્રહાર કર્યો. બેન્ચે અવલોકન કર્યું હતું કે આવી નિમણૂકોમાં નિર્ણય અસરકારક રીતે ૨:૧ ની બહુમતીથી પસાર થશે, કારણ કે કેબિનેટ મંત્રી વડાપ્રધાનના વલણથી અલગ પડે તેવી શક્યતા નથી.

### સીબીઆઇ વડાની નિમણૂકમાં ચીફ જસ્ટિસ તો ચૂંટણી કમિશનરોની પસંદગીમાં કેમ નહીં?

કોર્ટે ધ્યાન દોર્યું કે CBI ડાયરેક્ટરની નિમણૂક કરતી સમિતિમાં ભારતના મુખ્ય ન્યાયાધીશ સામેલ હોય છે, પરંતુ મુખ્ય ચૂંટણી કમિશનર અને ચૂંટણી કમિશનરોની પસંદગી માટેની પેનલમાં તેમની હાજરી હોતી નથી. જસ્ટિસ દત્તાએ સવાલ કર્યો કે જો કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે CBI ડાયરેક્ટરની પસંદગીમાં CJI ની ભૂમિકા જરૂરી હોય, તો લોકશાહીના મૂળ સમાન 'નિષ્પક્ષ ચૂંટણીઓ' સુનિશ્ચિત કરવા માટે તેમની ભૂમિકા કેમ નહીં? કોર્ટના મતે, ચૂંટણી પંચ એ લોકશાહીનો પાયો છે. જો આ પાયાના અધિકારીઓની નિમણૂક પ્રક્રિયામાં ન્યાયતંત્રનો હસ્તક્ષેપ ન હોય, તો શું તે લોકશાહીના સિદ્ધાંતો સાથે સુસંગત છે?

દસ દિવસથી ચાલી રહેલા સસ્પેન્સનો અંત આવ્યો

## કેરળના મુખ્યમંત્રી તરીકે કોંગ્રેસે સતીશનના નામની જાહેરાત કરી

**કેસી** વેણુગોપાલ અને રમેશ ચેન્નીથલાને પછાડી સતીશને મારી બાજી

**વિધાનસભા** પક્ષના નેતા ચુંટાયા, ગર્વનરને મળીને સરકાર રચવાનો દાવો રજૂ કર્યો

**સોમવારે** શપથવિધિ

નવી દિલ્હી, તા. 14(પીટીઆઈ) કોંગ્રેસે ગુરુવારે કેરળના આગામી મુખ્યમંત્રી તરીકે વીડી સતીશનના નામની જાહેરાત કરી છે, જેની સાથે



જ આ પદને લઈને છેલ્લા કેટલાક દિવસોથી ચાલી રહેલી અટકળો અને સસ્પેન્સનો અંત આવ્યો છે.

અહીં યોજાયેલી એક પત્રકાર પરિષદમાં કેરળના એઆઈસીસી પ્રભારી દીપા દાસમુનશી અને રાજ્ય માટે પક્ષના કેન્દ્રીય નિરીક્ષકો અજય માકન અને મુકુલ વાસનિક તેમજ કોંગ્રેસના જનરલ સેક્રેટરી જયરામ રમેશ દ્વારા આ નિર્ણયની જાહેરાત કરવામાં આવી હતી. દાસમુનશીએ પત્રકારોને જણાવ્યું હતું કે, તમામ ચર્ચાઓના આધારે એવો નિર્ણય લેવામાં આવ્યો છે કે વીડી સતીશનને સીએલપીના નેતા તરીકે નિયુક્ત કરવામાં આવે. તેના પછી કેરળ કોંગ્રેસ વિધાનસભા પક્ષની બેઠક મળી હતી અને સતીશનને વિધાનસભા પક્ષના નેતા તરીકે સર્વાનુમતે ચૂંટવામાં આવ્યા હતા. આના પછી સતીશન રાજ્યના ગવર્નર આર્લેકરને મળ્યા હતા અને સરકાર રચવાનો દાવો રજૂ કર્યો હતો. નવી સરકારની શપથવિધિ સોમવારે થાય તેવી શક્યતા છે.

મુખ્યમંત્રી પદ માટેના ત્રણ મુખ્ય દાવેદારો સતીશન, કેસી વેણુગોપાલ અને રમેશ ચેન્નીથલા હતા. દાસમુનશીએ કહ્યું કે, કોંગ્રેસ વિધાનસભા પક્ષ (CLP) ની બેઠક 7 મે, 2026 ના રોજ તિરુવનંતપુરમમાં મળી હતી અને તેમાં સર્વાનુમતે ઠરાવ પસાર કરીને કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેને રાજ્યમાં સીએલપીના નવા નેતાની નિમણૂક કરવા માટે અધિકૃત કરવામાં આવ્યા હતા. તેમણે વધુમાં જણાવ્યું કે, તે મુજબ કોંગ્રેસ અધ્યક્ષે કોંગ્રેસ સંસદીય દળના અધ્યક્ષ સોનિયા ગાંધી, લોકસભામાં વિરોધ પક્ષના

...અનુસંધાન પાના 13 પર

## હોર્મુઝની સામુદ્રધૂનિમાં ગુજરાત આવતું વધુ એક જહાજ ડૂબી ગયું

**'હાજી અલી'** નામનું જહાજ ઓમાન નજીકથી પસાર થતું હતું ત્યારે ડ્રોન જેવું કોઇ શસ્ત્ર અથડાયું, 14 કર્મચારીઓ બચી ગયા

**અગાઉ** સાતમી મેના રોજ પણ એક ગુજરાતી માલિકીનું માલવાહક જહાજ ડૂબી ગયું હતું

**હુમલો** કોણે કર્યો તે અસ્પષ્ટ, ભારતે હુમલાને વખોડ્યો

નવી દિલ્હી, તા. ૧૪: અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા જંગ દરમિયાન હોર્મુઝ સ્ટ્રેટમાં ગુજરાતનું વધુ એક માલવાહક જહાજ ડૂબી ગયું છે. 'હાજી અલી' નામનું આ જહાજ 13 મેની સવારે ઓમાનના દરિયાઈ વિસ્તારમાંથી પસાર થઈ રહ્યું હતું, ત્યારે તેની સાથે ડ્રોન અથવા મિસાઈલ જેવું કોઈ હથિયાર અથડાયું હતું.

આ અકસ્માત બાદ જહાજમાં ભીષણ આગ લાગી ગઈ હતી, જો કે ઓમાન કોસ્ટગાર્ડે તમામ 14 ક્રૂ મેમ્બર્સનો સુરક્ષિત બચાવ કર્યો છે. ગુજરાતના દ્વારકાના રહેવાસી અને જહાજ માલિક સુલતાન અહેમદ અન્સારે જણાવ્યું હતું કે, MSV હાજી અલી જહાજ બેરબેરા પોર્ટથી શારજાહ જઈ રહ્યું હતું. સવારે લગભગ 3:30 વાગ્યે ઓમાનના દરિયા કિનારા પાસે જહાજ અકસ્માતનો ભોગ બન્યું હતું. ક્રૂ મેમ્બર્સના જણાવ્યા અનુસાર, જહાજ સાથે કોઈ વિસ્ફોટક જેવી વસ્તુ અથડાવાનો અવાજ સંભળાયો હતો. ત્યારપછી જહાજમાં આગ લાગી ગઈ હતી. સ્થિતિ બગડતા તમામ 14 ક્રૂ મેમ્બર્સ લાઈફ બોટની મદદથી જહાજ છોડીને બહાર નીકળી ગયા હતા. ઓમાનના કોસ્ટ ગાર્ડ વાળા

...અનુસંધાન પાના 13 પર